# બહાદુર બેલડી

– દમયંતી મોદી

શ્રીનગરના એક વિસ્તારમાં મિખલેસ નામના કાશ્મીરી ગૃહસ્થ પોતાના પરિવાર સાથે રહે છે. એમને રેસ્ટોરન્ટ છે. પરિવારમાં વૃદ્ધ માતા, પત્ની અને બે દીકરા ઓથાઈસ અને વિકવાસ છે. ઓથાઈસ દસ વર્ષનો અને વિકવાસ આઠ વર્ષનો. બંને પ્રાથમિક શાળામાં ભણે છે.

એક વખત વૃદ્ધ દાદીમાં બીમાર પડી ગયાં. એમને હોસ્પિટલમાં દાખલ કરવાં પડયાં. મિખલેશ રેસ્ટોરન્ટ સંભાળે અને તેની પત્ની હોસ્પિટલમાં બિછાને સૂતેલાં વૃદ્ધ દાદીમાને સંભાળે.

ઓથાઈસ અને વિક્વાસ બંને ભાઈઓ શાળાએથી છૂટી સીધા રેસ્ટોરન્ટ જાય. ત્યાં જ સાંજનું જમીને ઘેર આવી સૂઈ જાય.

એક રાત્રે બંને ભાઈ સૂતા હતા. બે સશસ્ત્ર લૂંટારુઓ ધીમેથી દરવાજો ખોલી ઘરમાં ઘૂસ્યા. ઘરમાં થતા અવાજને કારણે નાનો વિક્વાસ જાગી ગયો. એણે તરત જ ધીમેથી મોટાભાઈ ઓથાઈસને જગાડયો. તેના કાનમાં ધીમેથી કહ્યું કે, 'આપણાં ઘરમાં ચોર ઘૂસ્યો લાગે છે. ચાલ ઊઠ.'

બંને ભાઈઓએ બારણાં પાછળ ખૂણામાં ઊભા કરેલા સળિયા ધીમેથી લીધા અને ધીમે પગલે અંદરના રૂમમા ગયા. બંને હાથમાં સળિયા પકડી બંને ભાઈઓ પેલા લૂંટારાના માથામાં ફટકારવા લાગ્યા.

અચાનક થયેલા હુમલાથી લૂંટારા ચમકી ગયા. એમાંના એકે પોતાની બંદૂકમાંથી ગોળી છોડી.

બંદૂકના અવાજથી બંને ભાઈઓ ડરી ગયા. પણ આજુબાજુ રહેતા પાડોશીઓ જાગી ગયાં. બંને ભાઈઓએ 'બચાવો.....બચાવો'ની બૂમો પાડવા માંડી. લૂંટારાએ ફરીથી ગોળી છોડી અંધારાને કારણે એકેય ભાઈ એનું નિશાન ન બન્યા, પણ જાગેલા પાડોશીઓ દોડી આવ્યાં.

હાંકોટા–પડકારા થયા. બંને સશસ્ત્ર હતા. વિક્વાસ અને ઓથાઈસે સળિયાના ઘા ફટકાર્યા તેથી એક લૂંટારો બેભાન થઈ ઢળી પડયો. બીજો લૂંટારો ભાગી ગયો. ઓથાઈસે ઝડપથી લાઈટ કરી લૂંટારાને પકડી લીધો.



શ્રીનગર પોલીસ દ્વારા ઓથાઈસ અને વિશ્વાસ બંને ભાઈઓનું સન્માન કરવામાં આવ્યું. ૨૬ જાન્યુઆરી, ૧૯૯૯ના રોજ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા બંને ભાઈઓને શૌર્ય ચંદ્રક એનાયત કરવામાં આવ્યાં. અને પ્રજાસત્તાક પરેડમાં શણગારેલા હાથી પર બેસાડી બહુમાન કરવામાં આવ્યું.

પ્રજાસત્તાક પરેડ વખતે દિલ્હીના પોલીસ વડાએ બંને ભાઈઓને પૂછ્યું કે, ‘તમે મોટા થઈને શું બનશો ?’

બંને ભાઈઓએ દ્રઢ વિશ્વાસ સાથે કહ્યું : ‘અમે પોલીસ બનીશું !’

તે બંને ભાઈઓ તથા તેમના માતાપિતાને ધન્યવાદ !

■